સચિવાલય એમ્પ્લોઈઝ ન્યુ ક્રેડીટ સોસાયટી જિલ્લાની શ્રેષ્ઠ સહકારી સંસ્થા

@ગાંધીનગર

- કુડાસણ સ્થિત રાધે સ્કવેર ખાતે સવારે ૧૦ કલાકે સોર ફીટનેશ સેન્ટરના ઉદઘાટનનો કાર્યક્રમ યોજાશે.
- દિવાળી નિમિત્તે શહેરમાં મોટાભાગની દુકાનો બંધ હતી. આજે લાભપાંચમના શુભ મુર્હુતમાં વેપાર ધંધાની શુભ શરૂઆત કરાશે.

- નજાહખાનમ સૈયદ

ગાંધીનગરના કલાકારો કલા પ્રસ્તુતી દ્વારા આજે મુર્હૂત કરશે

સુરમધુર કલાવૃંદ દ્વારા છેલ્લા ૨૧ વર્ષથી લાભપાંચમે યોજાતા ગાંધીનગરના કલાકારો અને કલારસિકોના સ્નેહમિલનમાં આ વર્ષે ત્રણસો જેટલા કલાકારો-કલારસિકો ભાગ લેશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના તમામ કલાકાર એક સાથે એક સ્થળે એકત્ર થઈ કલાની પ્રસ્તુતિ કરતા હોય તેવો વર્ષમાં એક જ વાર અવસર આવે છે. લાભપાંચમે સુરમધુર કલાવૃંદ દ્વારા યોજાતા સ્નેહમિલન કાર્યક્રમમાં ગાંધીનગરના તમામ ક્ષેત્રના કલાકારો એકત્ર થઈ પોતાની કલાની પ્રસ્તુતિ કરી કલાનું મુર્હુત કરે છે. આવતીકાલે લાભપાંચમે સુરમધુર કલાવૃંદના મયંકભાઈ દવેના નિવાસસ્થાને પ્લોટ નં. ૧૮૭/૨, સેકટર-૪-એ ખાતે ગાંધીનગરના ત્રણસો જેટલા કલાકારો અને કલારસિકો એકત્ર થઈ તેઓનું આગામી વર્ષ ખુબ સરસ અને સુંદર રીતે પસાર થાય તેવી માતાજી સમક્ષ પ્રાર્થના કરશે અને એકબીજાને શુભેચ્છાઓ પાઠવશે.

ગાંધીનગર કલાની નગરી છે. હંમેશાથી અહીં કલાકારોનું માન-સન્માન થતું રહ્યું છે. ગાયન, વાદન, નૃત્ય, અભિનય ઉપરાંત સાહિત્ય ક્ષેત્રે જોડાયેલા ઘણા જાણીતા કલાકારો-લેખકો-કવિઓનું નિવાસસ્થાન આ શહેર બની રહ્યું છે. કલા અને સાહિત્ય ક્ષેત્રની ઉગતી પ્રતિભાઓને આ શહેરના કલારસિકો હંમેશા પ્રોત્સાહન આપતા રહ્યા છે. ગાયન-વાદન, નૃત્ય, અભિનય અને સાહિત્ય ક્ષેત્રે જોડાયેલા કલાકારો

(ફાઈલ તસવીર)

અને કવિઓ-લેખકોને વર્ષમાં એક સાથે એક સ્થળે એકત્ર થવાનો અવસર સુરમધુર કલાવૃંદ દ્વારા આપવામાં આવે છે. છેલ્લા ૨૧ વર્ષથી અવિરતપણે દર વર્ષે લાભપાંચમે કલાકારો અને કલારસિકો માટે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરતા સુરમધુરના મયંકભાઈ દવે જણાવે છે કે ગાંધીનગરના કલાકારોને લાભપાંચમે પોતાની કલાનું મુર્હુત કરવા માટે એક પ્લેટફોર્મ-સ્ટેજ મળે તે હેતુથી ૨૧ વર્ષ અગાઉ આવું એક સ્નેહમિલન યોજવાનો વિચાર આવ્યો હતો. અગાઉ સે-૨૪માં સુરમધુરના સ્ટુડિયો ખાત સતત દસ વર્ષ સુધી સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ છેલ્લા ૧૧ વર્ષથી સે-૪-એ ખાતે મયંકભાઈ દવેના નિવાસસ્થાને આ સ્નેહમિલનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. લાભપાંચમના શુભ મુર્હુતે કલાકારો પોતાની કલાની પ્રસ્તુતિ કરી કલાનું મુર્હુત કરી માતાજી સમક્ષ પ્રાર્થના કરે છે અને સાથે હળી મળી એકબીજાને શુભેચ્છાઓ પાઠવશે. કલાકારો સ્ટેજ પર જઈ ગઝલ, કવિતા ઉપરાંત અભિનય કલાનું પ્રદર્શન પણ કરી શકે છે. આ સ્નેહમિલનની વિશેષતા એ છે કે તેમાં માત્ર કલાકારો જ નહીં પરંતુ કલારસિકો પણ મોટી સંખ્યામાં ભાગ લે છે. આ વર્ષે લગભગ ત્રણસો જેટલા કલાકારો અને કલારસિકો તેમાં ભાગ લેશે.

વાતવાતમાં

- ગાંધીનગર જિલ્લાના ડિંગુચા ગામે નવીન હોસ્પિટલનો ઉદઘાટન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. આ હોસ્પિટલનો લાભ આસપાસના ગ્રામજનોને મળશે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

ધોરણ ૯-૧૦ને પ્રાથમિકમાં સામેલ કરવાની વાત હવામાં

ગાંધીનગર, તા.૧૫

માધ્યમિક વિભાગના ધોરણ ૯ અને ધોરણ ૧૦ને પ્રાથમિક વિભાગમાં સમાવેશ કરવાની વાત હવામાં ઓગળી ગઈ હોવાનું લાગી રહ્યું છે. કારણ કે, ૧૪ વર્ષ સુધી વિનામુલ્યે શિક્ષણ આપવાનો નિયમ છે. જો ૧૪ વર્ષની વધુ વયના છાત્રોને નિઃશુલ્ય શિક્ષણ આપવાનું થતું ન હોઈ ધોરણ ૯ને પ્રાથમિકમાં સમાવેશ કરવાની વાત પાયાવિહોણી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજયની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કર્યા બાદ પોતાના ગામમાં હાઈસ્કુલ કે માધ્યમિક શાળાઓ નહીં હોવાને લીધે હજારો વિદ્યાર્થીઓ હાઈસ્કુલનું શિક્ષણ છોડી દઈને મજુરીના કાર્યમાં જોતરાઈ જતા હોય છે. હાઈસ્કુલના અભાવે મજુરીમાં જતા વિદ્યાર્થીઓ અટકે અને ડ્રોપઆઉટ રેશિયો નીચો આવે તેવા આશયને ધ્યાનમાં લઈને શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શાળાઓમાં જ ધોરણ ૯ અને ૧૦નો સમાવેશ કરવા માટે પ્રાયોગિક ધોરણે પસંદ કરવામાં આવેલી કેટલીક શાળાઓમાં ધોરણ ૧૦નાં વર્ગો શરૂ કરવાની સુચના અપાઈ હોવાનું જાણવા મળ્યું હતું આ પ્રયોગ સફળ થશે તો જ સમગ્ર રાજયભરમાં તેનો અમલ કરવામાં આવશે. જો કે હાલતો ધોરણ ૯ અને ૧૦ને પ્રાથમિક વિભાગમાં સમાવેશ કરવાની વાત હવામાં ઓગળી ગઈ હોવાનું લાગી રહ્યું છે. આ અંગે પ્રાથમિક વિભાગમાં સમાવેશ કરવાનો કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. કારણ કે, ૧૪ વર્ષ સુધી વિનામુલ્યે શિક્ષણ આપવાનો નિયમ છે. જો ૧૪ વર્ષથી વધુ વયના છાત્રોને નિઃશુલ્ય શિક્ષણ આપવાનું થતું ન હોઈ ધોરણ ૯ને પ્રાથમિકમાં સમાવેશ કરવાની વાત પાયાવિહોણી છે. ઉલ્લેખનીય છે કે, પ્રાથમિક શાળાઓમાં પહેલા ધોરણ ૧ થી ધોરણ ૭ હતા. બાદમાં માધ્યમિક વિભાગમાંથી ધોરણ ૮ને દુર કરીને તેનો પ્રાથમિક શાળામાં સમાવેશ કરાયો હતો, પ્રાથમિકને બે વિભાગમાં વહેચી દેવાયો હતો.

મેંગ્લોર ખાતે સ્માર્ટ સીટીના સેમિનારમાં ભાગ લેવા કોર્પોરેશનની ટીમ પહોંચી

ગાંધીનગર, તા. ૧૫

સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત મેંગ્લોર ખાતે યોજાયેલ બે દિવસીય વર્કશોપમાં ભાગ લેવા ગાંધીનગર મહાનગરપાલિકાની ટીમ આજે મેંગ્લોર પહોંચી છે.

મેયર શ્રીમતિ હંસાબેન મોદીના નેતૃત્વમાં ગયેલી ટીમમાં ડે. મેયરશ્રી કાર્તિક પટેલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી રાકેશ પટેલ તથા પક્ષના નેતા શ્રી ગોવિંદભાઈ સહિત ચાર કોર્પોરેટરોનો અને અધિકારીનો પણ સમાવેશ થાય છે. ૧૬-૧૭ના રોજ વર્કશોપમાં હાજરી આપી આ ટીમ ૧૮મીએ ગાંધીનગર પરત આવશે. સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત અગાઉ દિલ્હી ખાતે પણ બે વર્કશોપ અને સેમિનાર યોજાયા હતા. ગાંધીનગર શહેરનો સ્માર્ટ સીટી પ્રોજેક્ટ માટે પસંદ કરાયેલા ૧૦૦ શહેરોમાં સમાવેશ થાય છે. સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત લોકોના સૂચનો મેળવવાની કામગીરી હાલ ચાલી રહી છે. પાંચેક હજાર જેટલા સૂચનો અત્યાર સુધીમાં તંત્રને મળ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

ઘ દોઢ પાસે કાર-રીક્ષા વચ્ચે અકસ્માત

ગાંધીનગર તા.૧૫

ગાંધીનગર શહેરના ઘ માર્ગ પર બપોરના સુમારે ઘ દોઢ પાસે વેગનઆર કાર અને રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં રીક્ષા ચાલકને ઈજા પહોંચતા હાઈટેક હોસ્પિટલ ત્યારબાદ વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ ખસેડાયો હતો. કાર અને રીક્ષાને નુકસાન થવા પામ્યું છે.

રાજયના પાટનગર ગાંધીનગરમાં સુંદર અને પહોળા માર્ગો હોવાથી વાહન ચાલકો પુરપાટ ઝડપે વાહનો હંકારતા હોય છે. નગરજનો ટ્રાફીકના નિયમોનું ઉલ્લંઘન કરી આડેધડ વાહનો હંકારતા અકસ્માતો સર્જાય છે. દિવાળીના દિવસોમાં પણ વાહન અકસ્માતોની સંખ્યામાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. શહેરનો મુખ્ય માર્ગ ગણાતા ઘ માર્ગ પર ટ્રાફીક વધુ હોવા છતા વાહન માલિકો પોતાના વાહનો ફુલ સ્પીડે હંકારતા નજરે પડે છે. ત્યારે આજે બપોરના સુમારે શહેરના ઘ-૦ થી ઘ-૨ તરફથી જઈ રહેલી વેગનઆર કાર નં-જી.જે.૧૮ એ.સી.-૭૧૮૯ તેમજ સેકટરના આંતરીક માર્ગ પરથી ઘ-૦ તરફ જવા નીકળેલી રીક્ષા નં-જી.જે.૧.એક્સ-૩૩૩૦ વચ્ચે જોરદાર અકસ્માત થયો હતો. અકસ્માતમાં રીક્ષા ચાલકને ઈજા પહોચતા નજીક આવેલ હાઈટેક હોસ્પિટલમાં સારવાર બાદમાં વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ લઈ જવાયો હતો. કાર અને રીક્ષાને નુકસાન થવા પામ્યું હતું. બપોરના સુમારે અકસ્માત થતા લોકોના ટોળા એકઠા થયા હતા. ઉલ્લેખનીય છેકે શહેરના મુખ્ય માર્ગ ગણાતા ઘ માર્ગ પર સ્પીડ બ્રેકર ન હોવાથી વાહન ચાલકો બેફામ ગતિએ વાહનો હંકારતા અકસ્માતોની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. નગરના જાગૃત નાગરિકો દ્વારા અનેકવાર તંત્ર સમક્ષ રજુઆતો કરવામાં આવી છે. છતા પણ ઘ-૦ થી ઘ-૩ વચ્ચેના માર્ગ પર એકપણ સ્પીડબ્રેકર ન હોવાથી નિર્દોષ નાગરિકો અકસ્માતમાં ભોગ બને છે. **(તસવીર : કશ્યપ નિમાવત)**

એમ.સી.આઈ. ના ઈન્સ્પેકશનને પગલે સિવિલમાં સફાઈ હાથ ધરાઈ

ગાંધીનગર તા.૧૫

ગાંધીનગર મેડીકલ કોલેજમાં પાંચમાં વર્ષના અભ્યાસની મંજુરી માટે મેડીકલ કાઉન્સિલની ટીમો આ સપ્તાહમાં આવવાની શકયતાને પગલે સિવિલ તંત્ર સજજ થઈ ગયું છે. સિવિલ સતાવાળોઓએ કેમ્પસમાં પાર્કિંગ થી લઈ વોર્ડ સહિતના તમામ સ્થળો પર સાફ-સફાઈના આદેશ કરતા સફાઈ ટીમો કાર્યરત થઈ ગઈ છે. સવાર થી સાંજ સુધીમાં સિવિલનું જુનું તેમજ નવિન બિલ્ડીંગ ચોખ્ખું ચણક કરી દીધું હતું. રવિવારની રજા હોવા છતા આજે કેમ્પસમાં ચહલ પહલ જોવા મળી હતી. સિવિલના સ્ટાફના માણસો ખડે પગે હાજર રહી સફાઈ કરાવી હતી. એમ.સી.આઈ. દ્વારા તમામ બાબતોનું ધ્યાન રાખવામા આવતું હોવાથી સિવિલ સતાવાળાઓએ સ્વચ્છતા પર વિશેષ ભાર મુક્યો હોય તેવું લાગે છે.

સિવિલ કેમ્પસમાં મેડીકલ કોલેજને પરિણામે જીલ્લામાંથી આવતા દર્દીઓને વધુ લાભ મળી રહ્યો છે. કેમ્પસમાં નવિન બિલ્ડીંગ કાર્યરત થતા નાગરીકો ને વધુ હાઈટેક સુવિધા ઉપલબ્ધ થઈ છે. ગાંધીનગર મેડીકલ કોલેજના પાંચમાં વર્ષના અભ્યાસની મંજુરી માટે અરજી કરી હતી. જેને પગલે ઈન્સ્પેકશન માટે એમ.સી.આઈ.ની ટીમો ગાંધીનગરમાં ગમે ત્યારે આવી શકે છે. સિવિલ સતાવાળા ઓ આ વખતે કોઈ પણ કમી ન રહી જાય તે માટેની કવાયત હાથ ધરી દીધી છે. સફાઈના મુદ્દે સતાધિશોએ આદેશ કરતા સિવિલ કેમ્પસમાં મહિનાઓની પડી રહેલી ગંદકી ઉલેચવાના સફાઈ કર્મીઓ કામે લાગ્યા હતા. સવાર થી સાંજ સુધીમાં તો પાર્કીંગ લઈ કેમ્પસ એકદમ ચોખ્ખુ કરી દીધુ હતું. દર્દીઓ તેમજ સગાઓ અચાનક સફાઈ જોઈ ચોંકી ઉઠ્યા હતા. રવિવારની રજા હોવા છતા સ્ટાફના માણસો હાજર રહીને સફાઈ કરાવી હતી. જયારે વોર્ડમાં પણ ગાદલાઓની ચાદર ઓશીકા પણ બદલાયેલા દેખાતા હતા. આગામી દિવસોમાં સિવિલ કેમ્પસ વધુ સ્વચ્છ દેખાય તો નવાઈ નહિ...

સાબરમતી નદીમાંથી યુવતીનો મૃતદેહ મળ્યો

અમદાવાદ, તા.૧૫

શહેરના નહેરૂબ્રિજના સાબરમતી નદીમાંથી એક અજાણી યુવતીનો મૃતદેહ મળી આવતા ચકચારી મચી જવા પામી હતી. આ ઘટનાની જાણ રીવરફ્રન્ટ પોલીસને કરતા તાત્કાલિક ઘયના સ્થળે પહોંચી આવ્યા હતા.

ફાયર બ્રિગેડ દ્વારા આજાણી યુવતીના મૃતદેહને બહાર કાઢ્યો હતો અને પોલીસ દ્વારા યુવતીના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

સચિવાલય એમ્પ્લોઈઝ ન્યુ ક્રેડીટ સોસાયટી જિલ્લાની શ્રેષ્ઠ સહકારી સંસ્થા

રાંધેજા પાસેથી દારૂ-બિયર ભરેલું પીક અપ ડાલુ પકડાયુ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લા સહકારી સંઘ દ્વારા જિલ્લાની સહકારી સંસ્થાઓ વચ્ચે વર્ષ ૨૦૧૪-૧૫ માટે હરિફાઈનું યોજન કરાયેલ હતું. જેમાં ૮૦ સંસ્થાઓએ ભાગ લીધો હતો. જેમાં ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓ. ન્યુ ક્રેડિટ સોસાયટી લિ.ને પ્રથમ નંબરે વિજેતા જાહેર કરવામાં આવેલ. જિલ્લા સહકારી સંઘ તરફથી આ માટે આપવામાં આવેલ એવોર્ડની સ્વીકૃતિ સંસ્થાના પ્રમુખશ્રી જયેશ જોષી, માનદ મંત્રી શ્રી જયંતિભાઈ સાધુ તથા અન્ય ડિરેકટરશ્રીઓ દ્વારા તા. ૧૪-૧૧-૨૦૧૫ના રોજ કરવામાં આવી હતી. તથા જિલ્લા સહકારી સંઘનો આભાર માનવામાં આવ્યો હતો.

ગાંધીનગર નજીક રાંધેજાની સીમમાં વોચ ગોઠવીને પેથાપુર પોલીસે ગઈ રાત્રે દારૂ-બિયર ભરેલું મહીન્દ્રા મેકસ પીક અપ ડાલુ અને ડીસ્કવર બાઈક પકડી પાડયું હતું. રૂ. ૩.૪૨ લાખના મુદ્દામાલ સાથે પોલીસે એક બુટલેગરની ધરપકડ કરી લીધી હતી જયારે ત્રણ શખ્સો હજુ ફરાર છે. પેથાપુર પોલીસે ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ ડી.બી. વાળા તથા તેમની ટીમ ચોકકસ બાતમીને આધારે ગઈ રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં રાંધેજા ગામની સીમમાં વોંચ ઉપર ગોઠવાઈ ગયા હતા. બાતમી વાળુ વાહન

મહિન્દ્રા મેકસ પીક અપ ડાલુ નં. જીજે ૨ બીડી ૧૧૪૪ ત્યાંથી પસાર થતાં તેને પકડી અંદર તપાસ કરવામાં આવી હતી. ડાલામાંથી ૧૮ પેટી બિયર (૪૩૨ ટીન) કિંમત રૂ. ૪૩,૨૦૦ અને ૮ પેટી વિદેશી દારૂ (૯૬ બોટલ) કિંમત રૂ. ૨૮,૮૦૦નો દારૂ-બિયર મળી આવ્યો હતો. તેની સાથે એક બાઈક ચાલક પણ હતો. પોલીસે ડાલુ, બાઈક, દારૂ-બિયર અને મોબાઈલ સાથે એક શખ્સ માણસા સમૌનાં ચાવડા વાસના સુરેશ રણજીત ચાવડાની ધરપકડ કરી લીધી હતી. જયારે મહેસાણાના ગોઝારીયા ખાતે રહેતા ખેર રામભાઈ અને ખેર કાળાજી તથા વાસણ મહાદેવ રહેતા મનોહર ઉર્ફે રોકી ચાવડા હજુ ફરાર છે. પેથાપુર પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી રૂ. ૩,૪૨,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર આરોપીઓની શોધખોળ સાથે ઊંડી તપાસ શરુ કરી છે.

નૂતન વર્ષે નવલી રંગોળી

ઊર્વીબેન, સે-૨૭

હેતુ ચિરાયુ વૈદ્ય, ઉ.વ. ૯, સે-૨-બી

તિથી ચિરાયુ વૈદ્ય, ઉ.વ. ૬, સે-૨-બી

શીતલ સંદીપ જોશી, સે-૬-બી

તિથી વ્યાસ, સે-૨૮

શ્રધ્ધા જોશી, સે-૨૨

ટિંકુ જોશી, સે-૨૯

નેશન ફર્સ્ટ ફાઉન્ડેશન દ્વારા મતદાર જાગૃતિ અભિયાન

ભારત જાગો અભિયાન અંતર્ગત ગુજરાતની સ્થાનિક સ્વરાજય ચૂંટણીઓ માટે મતદારોને પ્રેરિત કરાશે : અક્ષયભાઈ ઠક્કર

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણીઓ દરમિયાન મતદારો નાત-જાત, જ્ઞાતિ, સંપ્રદાયના વાડા ભૂલીને માત્ર રાષ્ટ્રહિત, ગુજરાત હિતને ધ્યાનમાં રાખી મતદાન કરે તે માટે રાષ્ટ્રવાદી મંચ નેશન ફર્સ્ટ ફાઉન્ડેશન દ્વારા ગુજરાત વ્યાપી અભિયાન શરુ કરાયું છે.

નેશન ફર્સ્ટ ફાઉન્ડેશનના રાષ્ટ્રીય પ્રમુખ અક્ષયભાઈ ઠક્કરના જણાવ્યા મુજબ ગુજરાતે હંમેશા દેશને એક નવી રાહ ચીંધી છે. આથી જ દેશભરમાં જ્ઞાતિવાદ, જાતિવાદ, કોમવાદ વગેરે વકરતાં જાય છે ત્યારે ભૂતકાળની જેમ ગુજરાત આ વખતે પણ 'રાષ્ટ્રવાદ'ના નારાને બુલંદ બનાવીને આવા પરિબળોને જાકારો આપશે તેવી શ્રદ્ધા નેશનલ ફર્સ્ટ ફાઉન્ડેશનની છે.

એનએફએફના ભારત જાગો અભિયાન હેઠળ ગુજરાતમાં મતદાર જાગૃતિનું જબરજસ્ત અભિયાન હાથ ધરાયું છે. આ અભિયાન હેઠળ ગુજરાતની મહાનગર પાલિકા, પંચાયત, નગરપાલિકાઓના વિસ્તારોમાં લોકસંપર્ક થકી સ્ટીકર પેમ્ફલેટ, પોસ્ટર, બેનર્સ, હોર્ડિંગ્સ, વિજ્ઞાપનો દ્વારા લોકોને ગુજરાતના હિતમાં મત આપવા પ્રેરિત કરાશે તેમ એનએફએફના સંગઠન મંત્રી કૌશિકભાઈ ટાંકે વિશેષમાં જણાવ્યું છે.

નેશનલ ફર્સ્ટ ફાઉન્ડેશનના સ્થાપક હિતેષભાઈ પંડયાના સીધા માર્ગદર્શન હેઠળ અને તેમની કલ્પના મુજબ આ જનજાગૃતિ અભિયાન થકી એનએફએફનો લાખો મતદારો સુધી પહોંચાડવાનો સંકલ્પ છે.

ચિરવિદાય

- સ્વ. મૂળીબેન ગોવિંદભાઈ પરમાર, ઉ.વ. ૮૫